ચાંગોદરની ફેક્ટરીમાં લૂંટારા ત્રાટક્યા : ચાર લાખની લૂંટ

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદના સરખેજ-બાવળા રોડ પર આવેલી નારોલા ગામની ફેક્ટરીમાં ગત મોડી રાત્રે ધોકા, પાઈપ અને તમંચા જેવા ઘાતક હથિયારો સાથે ત્રાટકી કેશિયરને માર મારી રોકડ રૂપિયા ચાર લાખની લૂંટ કરી ફરાર થઈ જતાં ભારે સનસનાટી મચી જવા પામી છે. લૂંટના બનાવને પગલે પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી. ઠેર ઠેર નાકાબંધી કરી દેવામાં આવી હતી.

બનાવની વિગત એવી છે કે સરખેજ બાવળા રોડ પર ચાંગોદર ખાતે નારોલા ઓઈલ ફેક્ટરી આવેલી છે. આ ઓઈલ ફેક્ટરીમાં સંજયભાઈ શ્રીરામચંદ્ર માલકોટિયા છેલ્લા ઘણા વર્ષોથી કેશિયર તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે રાત્રે તેઓ ફેક્ટરીમાં આવેલી પોતાની ઓફિસમાં કામ કરી રહ્યા હતા તે દરમિયાન મોડી રાત્રે આઠેક જેટલા શખ્સોને ધોકા, લોખંડની પાઈપ અને તમંચા જેવા હથિયાર ઓફિસમાં ઘસી આવ્યા હતા. અને સંજયભાઈને ધમકી આપી રોકડ ક્યાં પડી છે તે અંગે પૂછ્યું હતું. પરંતુ સંજયભાઈએ તેમનો સામનો કર્યો હતો. અને સંજયભાઈને માર માર્યો હતો અને તિજોરીમાં રહેલા ૪ લાખ રૂપિયા કાઢી માથાના ભાગે ધોકો મારી ફરાર થઈ ગયા હતા. સંજયભાઈને ગંભીર ઈજા થતાં નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ફેક્ટરીમાં હાજર ૧૫૦ કર્મચારીઓને પણ થોડા સમય બાદ થઈ હતી.

શ્યામનગરમાં વિશ્વકર્મા જયંતિ તથા રાંદલમાનો ઉત્સવ ઉજવાશે

ખેડબ્રહ્મા, તા. ૨૧

શ્રી વડાલી સત્તાવીસ સુથાર સમાજ ખેડબ્રહ્મા દ્વારા શનિવારના રોજ શ્રી વિશ્વકર્મા પ્રભુની જયંતિ તથા ભગવતી રાંદલ માતાના લોટા તેડવાના ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વકર્મા જયંતિના યજમાન તરીકે જીજ્ઞાબેન જતીનકુમાર સુથાર, ખેડબ્રહ્મા તથા કલાવતીબેન નિરવકુમાર સુથાર-વડાલી અને રાંદલ માતાના યજમાન તરીકે હિનાબેન અશ્વિનકુમાર મિસ્ત્રી-વડાલી ધર્મલાભ લેશે, ઉત્સવ દરમ્યાન મહાપૂજા, આરતી, રાંદલ માતાનો ઘોડો ખુંધ્યાનો તથા રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા વડાલી સત્તાવીસ સુથાર સમાજના સપ્રમુખ પરસોત્તમદાસ મિસ્ત્રી, ઉપપ્રમુખ કાંતિભાઈ સુથાર, સહમંત્રી મહેન્દ્રભાઈ સુથાર, ખજાનચી અશ્વિનભાઈ સુથાર, શંકરભાઈ સુથાર, ધુળાભાઈ સુથાર સહીત કારોબારીના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

માણેકપુરામાં જોગમાયા મંદિરની ધર્મશાળાનું ઉદ્‌ઘાટન કરાયું

ડીસા, તા. ૨૧

ડીસા તાલુકાના માણેકપુરા ગામે આવેલ જોગમાયાના મંદિરની ધર્મશાળાનું ઉદ્‌ઘાટન તેમજ રમેલ નું આયોજન અગ્રણીઓ અને સંતો-મહંતોની ઉપસ્થિતિમાં યોજાયું હતું. જેમાં શંભુગીરી ચતુરગીરી ગૌસ્વામ, નાઢારામ સાહેબ અને નારણ સાહેબ (લુણપુર) એ આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે આજુબાજુના ગામોના સરપંચો, રાજકીય અગ્રણીઓ અને ધર્મપ્રેમી જનતા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. ઉપસ્થિત જનતા માટે ભોજનપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને લઈ ગામમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા જયશ્રી જોગમાયા શક્તિ સેવા ટ્રસ્ટ તથા સમસ્ત માણેકપુરાના ગ્રામજનો દ્વારા ભારે જહેમત ઉઠાવાઈ હતી. આ બાબતે કંચનજી વાલજીજી ઠાકોરે જણાવ્યું હતું કે, જોગમાયા મંડળ તેમજ સમસ્ત ગ્રામજનોના સહકારથી કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો છે.

ધનસુરા રેફરલ હોસ્પિટલ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૨૧

ધનસુરા રેફરલ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. આ સર્વે રોગ નિદાન કેમ્પમાં મોડાસા, ઈડર અને આસપાસના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના લોકો મળી કુલ ૩૦૦ જેટલા દર્દીઓએ સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં શહેરના જુદી જુદી હોસ્પિટલના નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા માનદ્ સેવા આપવામાં આવી હતી અને જરૂરી દવાઓ અને યોગ્ય માર્ગદર્શન નિષ્ણાંત ડૉક્ટર દ્વારા દર્દીઓને આપવામાં આવ્યું હતું અને જરૂરમંદ દર્દીઓને વધુ સારવારની જરૂર હોય તેમણે આગળની સારવાર માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કેમ્પને સફળ બનાવવા માટે રેફરલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. સુભાષ પંડ્યાના માર્ગદર્શન હેઠળ મેડીકલ ઓફિસરો અને સ્ટાફે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

સાબરકાંઠા જિલ્લામાંથી ત્રણ બાઈકો ચોરાયા

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અને ભિલોડામાંથી ચાર દિવસ દરમિયાન ત્રણ અલગ અલગ સ્થળેથી ત્રણ બાઈકોની ચોરી થવા પામી છે. બનાવ અંગે જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ખેડબ્રહ્મા શહેરના દેવીનગર સોસાયટીમાંથી ગત તા. ૧ ૩મી ફેબ્રુઆરીની મોડી રાત્રએ વિરેન્દ્રપુરી ભગવાનપુરી ગોસ્વામીના ઘર આગળ પાર્ક કરેલી પોતાની બાઈક નં. જીજે-૯-સી.ઈ.-૩૫૮૯ અને તેમની પડોશમાં રહેતા મહાવીરકુમાર રાજમલભાઈ મહેતાના ઘર આગળ પાર્ક કરેલી પોતાની બાઈક નં. જીજે-૯-એ.સી.-૯૩૪૧ ની પણ ચોરી થવા પામી છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસ મથકે વિરેન્દ્રપુરી ભગવાનપુરી ગોસ્વામીએ ગતરોજ ફરિયાદ નોંધાવી છે.

જ્યારે ત્રીજી બાઈક ભિલોડા તાલુકાના ચોરીમાલા ગામે રહેતા હિરેનકુમાર પૂનાજી કટારાના ઘર આગળ પાર્ક કરેલી બાઈક નં. જીજે-૯-સી.ઈ.-૫૬૮૭ ની ચોરી તા. ૧૫મી ફેબ્રુઆરીના રોજ થઈ છે. જે સંદર્ભે ભિલોડા પોલીસમથકે ગતરોજ ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈડરના વીરપુર મુકામે બેતાલીસ કડવા પાટીદર સમૂહ લગ્નોત્સવ યોજાયો

વડાલી, તા. ૨૧

ઈડર તાલુકાના વીરપુર ગામમાં સતત પાંચમાં વર્ષે બેતાલીસ કડવા પાટીદાર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ઈકોતેર નવયુગલે યજ્ઞની સાક્ષીએ સમપદિની પ્રતિજ્ઞા લઈ લગ્નગ્રંથીથી જોડાયા હતા.

આ સમૂહલગ્નોત્સવમાં રાજ્યના કેબીનેટ મંત્રી રમણલાલ વોરા ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગોચિત ઉદ્‌બોધન કરી નવદંપત્તિને આશીર્વાદ તેમજ તેજસ્વી તારલાઓને સન્માનીત કર્યા હતા. ઉપરાંત સમૂહ લગ્નોત્સવના દાતાઓને પણ આ પ્રસંગે સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે આ સમગ્ર લગ્નોત્સવમાં જનકભાઈ શાસ્ત્રીના આચાર્યપદે કર્મકાંડ વિધિ સંપન્ન થઈ હતી. અંતે આભારવિધિ હિતેન્દ્રભાઈ પટેલે કરી હતી.

ડીસામાં બીજા દિવસે પણ બેંકો બંધ રહેતાં કરોડોની લેવડ દેવડ ઠપ્પ !!!

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૧

દેશમાં કાળઝાળ મોંઘવારી મજુર કાયદા અમલીકરણમાં વિલંબ અને વિદેશી પ્રત્યક્ષ રોકાણને મંજુરી આપવાની કેન્દ્ર સરકારની નીતિઓના વિરોધમાં દેશમાં રજીસ્ટર્ડ થયેલ ૧૧ ટ્રેડ યુનિયનોએ બે દિવસની હડતાળનું એલાન આપ્યું હતું ત્યારે આજે સતત બીજા દિવસે બેંકો અને જાહેરક્ષેત્રની વિમા કંપનીઓની શાખાઓ બંધ રહેતાં કરોડો રૂપિયાનું કલીયરીંગ ઠપ્પ થયાની સાથે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ડીસા શહેરમાં આવેલ રાષ્ટ્રીયકૃત બેંકો અને જાહેરક્ષેત્રની વીમા કંપનીઓના કર્મચારીઓ બે દિવસની હડતાળના કારણે ગુરૂવારે પણ કામકાજથી અળગા રહ્યા હતા. બે દિવસીય હડતાળને કારણે કરોડો રૂપિયાનું કલીયરીંગ ઠપ્પ થઈ જવા પામ્યું હતું. વેપારીઓને મોટી રકમની લેવડ દેવડનો વ્યવહાર અટકી ગયો હતો. વિવિધ પ્રકારની લોનની કાર્યવાહી અને ચેક ડ્રાફટ જમા કરવાની કામગીરી અટકી જતાં લોકોને ભારે હેરાનગતીનો સામનો કરવો પડ્યો હતો. વળી અત્યારે લગ્નસરાની સીઝન ચાલી રહી છે.. ત્યારે બેંકીંગ કાર્યવાહી ઠપ્પ થતાં લોકોને નાણાં માટે સગા સંબંધીને ત્યાં દોડા દોડી કરવી પડી હતી. હડતાળથી અજાણ ગામડાના લોકો બેન્કો આગળ ધરમના ધક્કા ખાઈ પરત જતા નજરે પડ્યા હતા. આમ સતત બે દિવસ સુધી હડતાળ ચાલુ રહેતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ઈડરના કાવા ગામે રામદેવપીરનો પાટોત્સવ ઉજવાયો

વડાલી, તા. ૨૧

ઈડર તાલુકાના કાવા ગામે નકલંગ નેજાવાળા રામદેવપીરના મંદિરે સતત ચોથા વર્ષે ભવ્ય પાટોત્સવ મહાપૂજા અને યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ યજમાન દંપત્તી પૂજા યજ્ઞમાં જોડાયા હતા.

ઈડરથી પશ્ચિમ તરફ આવેલા કાવા ગામે સતત ચોથા વર્ષે નકલંગ નેજાવાળા રામદેવપીર મંદિરના પટાંગણમાં રામદેવપીર મંડળ અને કાવા ગામના યુવાનોએ ભવ્ય પાટોત્સવ, મહાયજ્ઞ અને મહાપૂજા યોજાઈ હતી.

આ ધાર્મિક પ્રસંગે પચીસ યજમાન દંપત્તી પૂજામાં જોડાયા હતા અને ઉમેદપુરાના જનકભાઈ શાસ્ત્રીએ કર્મકાંડ વિધિ કરી હતી. જેમાં સર્વે ગ્રામજનો અને ભાવિક ભક્તોએ ઉત્સાહભેર પૂર્ણાહુતિ મહાઆરામના દર્શનનો લાભ લઈ ભોજનનો પ્રસાદ પણ લીધો હતો.

ચેનલ મેક્સ દ્વારા ઉંઝા અને કડીની શાળાઓમાં બાળકોને સ્ટેશનરી અને કિડ્‌સની વહેંચણી કરવામાં આવી

મહેસાણા, તા. ૨૧

હિન્દી ફિલ્મોની ચેનલ મેક્સ દ્વારા એન્ટરટેનમેન્ટ ઓન વ્હીલ્સના આયોજન થકી મહેસાણા જિલ્લાના કડી અને ઉંઝા ખાતે ટેલીવિઝન સંબંધી પ્રવૃત્તિ અંતર્ગત જનતાને ફિલ્મ અંગેની જાણકારી રજૂ કરવા મેક્સ તરફથી આપવામાં આવતા એવોર્ડસ જીતવાનો અવસર પ્રાપ્ત થયો હતો. આ સાથે લોકોને મનોરંજનની નવી ભેટ મળી હતી. દર્શકો સાથે હળવા મળવાના પ્રયાસની સાથે મેક્સે ઉંઝા અને કડીની શાળાઓમાં જઈ બાળકોને સ્ટેશનરી અને કિડ્‌સની વહેંચણી કરી હતી.

મેક્સના ઉપપ્રમુખ ગૌરવ શેઠે જણાવ્યું હતું કે, હિન્દી ફિલ્મોની પ્રમુખ ચેનલ તરીકે મનોરંજનના લોકો સુધી પહોંચવાનો અમારો ધ્યેય છે અને અહીંથી શરૂઆત કરી છે. જેથી કડી, ઉંઝા તેમજ ઉત્તર ગુજરાતના નાના મોટા ગામો શહેરની જનતાને મનોરંજન થકી ભરપુર આનંદ માણ્યો છે.

પ્રાંતિજના વડવાસા પાટીયા પાસે તુફાન - સ્કોર્પીયો વચ્ચે અકસ્માત

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૧

હિંમતનગર - ચિલોડા નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ પ્રાંતિજના વડવાસા પાટીયા નજીક આજે વહેલી સવારે તુફાન અને સ્કોર્પીયો જીપ સામસામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૧૪ વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ દહેગામ તાલુકાના કનીપુરા ગામના રહીશો તુફાન જીપ નં. જીજે-૨૦-ટી-૯૯૨૮માં બેસીને અંબાજી માતાજીના દશનાર્થે થઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં પ્રાંતિજ નજીક આવેલ વડવાસા ગામના પાટીયા પાસે આજે સવારના સુમારે સામેથી ાવી રહેલી સ્કોર્પીયો જીપ નંબર-જીજે-૧-કે.જી. ૨૧૪૫ સામસામે ટકરાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.

અકસ્માત સ્થળે આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને તુફાન જીપમાં સવાર ૧૧ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે પ્રાંતિજ હોસ્પિટલ અને ત્યાંથી હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા તેમજ સ્કોર્પીયો જીપમાં સવાર ત્રણ વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે અમદાવાદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજના વરવાડાની યુવતિ ગુમ થતાં ચકચાર !!!

ડીસા, તા. ૨૧

સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના વરવાડા ગામની યુવતિ પાટણ તાલુકાના ઊંટવાડા ગામથી ગુમ થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. આ બાબતે વાગડોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પાટણ તાલુકાના ઊંટવાડા ગામે રહેતા ઠાકોર ઉદેસીંગ બબાજીની પત્નિ બીરજબા ઠાકોર તા.૩૧/૧/૨૦૧૩ ના રોજ ઘરેથી ગુમ થઈ ગયેલ છે. આજુબાજુ અને સગા સંબંધીઓને ત્યાં શોધખોળ કરવા છતાં તેનો ક્યાંય પત્તો નહીં લાગતાં પરિવાર જનો કફોડી હાલતમાં મુકાયા છે. ગુમ થનાર બીરજબા નું પિયર પ્રાંતિજ તાલુકાનું વરવાડા ગામ છે ત્યાં તપાસ કરતાં ત્યાં પણ નથી. આ બાબતે ગુમ થનાર પરણિતાના કાકા સસરા જસવંતસિંહ ચેલાજી ઠાકોર એ જણાવ્યું હતું કે, અમોને વરવાડાના એક યુવાન પર શક છે. આ યુવાન ઊંટવાડા આવી એક ઈસમના ઘરે રોકાયો હતો પરંતુ અમોને આ વાતની ખબર પડતાં તે ભાગી ગયો હતો. એટલે અમારી ભત્રીજાની વહુનુ અપહરણ થયાનો અમને શક હોવાથી પોલીસ આ દિશામાં તપાસ કરે તો ભાળ મળી શકે તેમ છે.

પાટણ - સિદ્ધપુર એસ. ટી. ડેપો દ્વારા બંધ કરાયેલ મુંબઈની આંતરરાજ્ય બસ સર્વિસો પુનઃ શરૂ કરવા મુસાફરોની માંગ

ઊંઝા, તા. ૨૧

ઉત્તર ગુજરાતના પાટણ અને સિદ્ધપુર એસ.ટી. ડેપો દ્વારા બંધ કરાયેલ મુંબઈની આંતરરાજ્ય બસ સર્વિસો પુનઃ શરૂ કરવા મુસાફર જનતાની માંગણી ઉઠી છે.

ઉત્તર ગુજરાતના મહેસાણા વિભાગના પાટણ એસ.ટી. ડેપો તેમજ પાલનપુર વિભાગના સિદ્ધપુર ડેપો દ્વારા અગાઉ પાટણ - મુંબઈ અને મેથાણ સિદ્ધપુર-મુંબઈની આંતરરાજ્ય બસ સર્સિવો શરૂ કરવામાં આવી હતી. આ બંને બસોમાં પૂરતા પ્રમાણમાં ટ્રાફિક મળી રહેવા છતાં કોણ જાણે કેમ મેથાણ સિદ્ધપુર-મુંબઈ બસને સદંતર બંધ કરી દેવામાં આવી હતી. જ્યારે પાટણ-મુંબઈ બસને ટૂંકાવીને વાપી સુધી ચાલુ રાખવામાં આવી છે. છેલ્લા ઘણા વખતથી મુંબઈની આ બસ સર્વિસો બંધ થતાં મુંબઈ જનાર મુસાફરોને ખાનગી લકઝરી બસોમાં ઉંચા ભાડા ચૂકવીને મુસાફરી કરવી પડે છે. હાલ મહેસાણા એસ.ટી. વિભાગના ફક્ત વડનગર ડેપો સિવાય કોઈ ડેપો મથકેથી મુંબઈની આંતરરાજ્ય બસ સર્વિસનું સંચાલન થતું નથી.

આ ઉપરાંત પાલનપુર વિભાગના કોઈ ડેપો દ્વારા પણ સીધી મુંબઈને જોડતી કોઈ એસ.ટી. બસની સગવડ નથી. પરિણામે ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના મુસાફરોને મુંબઈ જવા માટે ખાનગી લકઝરી બસો તેમજ રેલવે ટ્રેનોનો સહારો લેવો પડે છે. આથી એસ.ટી.ના વરિષ્ઠ સત્તાધિશોએ પાટણ - મુંબઈ અને મેથાણ સિદ્ધપુર-મુંબઈની બંધ કરાયેલ એસ.ટી. બસ સર્વિસોને પુનઃસત્વરે શરૂ કરીને મુસાફરોની મુશ્કેલી મિટાવવી જરૂરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૬૨૮